**કામ નંબર : ૭**

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૯ (પરવટ-મગોબ):સુડા:સુરત અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૭ હેઠળ આવેલ વાંધાસૂચનોની વિચારણા કરી, સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ સરકારશ્રીને જરૂરી સાહીત્યસહ મંજુરી અર્થે સાદર કરવા બાબત.

**ઠરાવ નંબર : ૨૨૦૬**

સુરત શહેરી વિકાસ સત્તામંડળ તરફથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને ગુજરાત નગર રચના અને શહેરી નિયમો ૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૯(પરવટ-મગોબ):સુડા:સુરતની યોજના બનાવવાનો ઈરાદો તા.૨૧/૭/૨૦૦૦ નાં રોજ જાહેર કરેલ જે ગુજરાત સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૨ ઉપર તારીખ ૯/૮/૨૦૦૦ ના રોજ પાના નં.૧૧૦-૧૧૧ ઉપર પ્રસિધ્ધ થયેલ. સદર નગર રચના યોજનાની વિગતવાર દરખાસ્તો તૈયાર કરી, ઉકત કાયદાની જોગવાઈઓ અન્વયે યોજનાની અંદર સમાવિષ્ટ જમીનમાં લિકો/હીતસંબંધ ધરાવનારાઓને જરૂરી સમજણ આપવા તથા વાંધાસૂચનો આવકારવા ઓનર્સ મીટીંગનુ આયોજન તા.૨/૬/૦૧ ના રોજ કરવામાં આવેલ તેની જાહેરાત દૈનિક સમાચાર પત્રોમાં આપેલ, જે મુંજબ ઓનર્સ મીટીંગમાં હાજર રહેલ તમામને યોજનાની દરખાસ્તો તથા વિવિધ પાસાઓની વિસ્તૃત સમજણ આપવામાં આવેલ તથા તે મુજબ રજુ કરેલ રીકોન્સ્ટીટયુશન પ્લાનની સમગ્ર દરખાસ્તોનો સુડા બોર્ડ બેઠક નં.૧૭૮, તા.૮/૬/૨૦૦૧ ના ઠરાવ નં.૨૧૭૭ થી મંજુર કરવામાં આવેલ હતી. અને તદ્અન્વયે કાયદાની જોગવાઈઓ હેઠળ સદરહુ સ્કીમની દરખાસ્તો ઉપર જમીનમાલિકો/હીતસંબંધ ધરાવનારાઓ તરફથી વાંધાસૂચનો આવકારવા વિહીત રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલ જેની પ્રસિધ્ધિ ગુજરાત સરકારશ્રીના તારીખ ૪/૭/૨૦૦૧ ના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટના ભાગ-૨ ના પાના નં.૭૬ ઉપર કરવામાં આવેલ છે અને તેની જાહેરાત દૈનિક વર્તમાન પત્રમાં જાહેરજનતાની જાણ અર્થે તા.૧૮/૭/૦૧ ના રોજ આપવામાં આવેલ હતી. સદરહુ વિગતોએ તૈયાર કરેલ રીકોન્સ્ટીટયુશન પ્લાનની સમગ્ર દરખાસ્તો અન્વયે ઓનર્સ મીટીંગ બાદ સ્કીમ પ્રસિધ્ધિના સમયગાળામાં તથા યોજનાની પ્રસિધ્ધિની તારીખથી એક માસની મુદતમાં અને કાયદાકીય સમયમર્યાદાની તારીખથી બોર્ડની તારીખના સમયગાળામાં મળેલ વાંધાસૂચનોનુ યોગ્ય વિવરણ પત્રક જરૂરી રીમાર્કસ સાથે બોર્ડ બેઠકમાં રજુ કરવામાં આવ્યુ તથા વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે વિવરણ પત્રકમાં જણાવેલ રીમાર્કસ અને ઓનર્સ મીટીંગ દરમ્યાન ખેડૂત સમાજ તરફથી

મળેલ સૂચન અન્વયે જાહેરહીતને લક્ષે લઈ માનનીય ચેરમેનશ્રીએ સૂચવેલ હકારાત્મક અભિગમ મુજબના સુધારાને અનુમતિ આપેલ છે. તથા સમયમર્યાદાને ધ્યાને લઈ તા.૪/૧૦/૨૦૦૧ પહેલા પ્રસ્તુત યોજનાનો મુસદ્દો કાયદાની કલમ ૪૮(૧) હેઠળ સરકારશ્રીને જરૂરી વિગતો સહ મંજુરી અર્થે સાદર કરવાનો રહે છે. જેની જાણ લેવામાં આવેલ છે તથા સદરહુ યોજનાની આગળની તમામ કાયદેસરની કાર્યવાહી માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા આપવામાં આવી.

( અમલ ટેકનીકલ શાખા )